પ્રાંતિજના તાજપુરમાં બાપા સીતારામનો સોળમો પાટોત્સવ ઉજવાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ના તાજપુર ગામ માં બાપા સીતારામ નો ૧૬ મો પાટોત્સવ ધામ ધૂમ થી ઉજવાયો હતો. પ્રાંતિજ ના તાજપુર ગામે ૧૬ મા પાટોત્સવ ને લઈ ને સવારે બાપા સીતારામ ની ડીજે ના તાલે શોભાયાત્રા કાઢવામાં આવી હતી સાંજે યજ્ઞ નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું યજ્ઞ ના યજમાન તરીકે હિરેન કુમાર હિતેશભાઈ પાઠક એ ધર્મ લાભ લીધો હતો શાસ્ત્રી મનોજ ભાઈ દ્વારા યજ્ઞ ની મંત્રોચ્ચાર સાથે વિધિવત પૂજા અર્ચના કરાવવમાં આવી હતી સાંજે ધજા રોહણ કરી મહા આરતી ઉતારવામાં આવી હતી આ પ્રસંગે ગ્રામજનો એ બાપા સીતારામ ના દર્શન કરી મહા પ્રસાદ લઈ ધ્યનતા અનુભવી હતી જયારે રાત્રે સુંદર મજાની સંતવાણી ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું તો આ સમગ્ર પાટોત્સવ ને સફળ બનાવવા ચૌધરી સમાજના યુવાનો એ ભારે જહેમત ઉઠાવી હતી.

બનાસકાંઠા ૧૮૧ અભયમનાના કાઉન્સેલરને રાજ્યના શ્રેષ્ઠ કાઉન્સેલરનો એવોર્ડ એનાયત

બનાસકાંઠા જિલ્લા માં ૧૮૧ અભયમ માં રાત- દિવસ પીડિત શોષિત મહિલા ઓ યુવતીઓને ન્યાય અપાવતાં ૧૮૧ અભયમના કાઉન્સેલર જિનલબેન પરમાર ની સેવાઓની નોંધ લઈ જીવીકે ઈએમઆરકે અને ગુજરાત સરકાર દ્વારા ગુજરાત રાજ્યના શ્રેષ્ઠ કાઉન્સેલર તરીકેનો એવોર્ડ એનાયત કરવામાં આવતા સમગ્ર રાજ્યમાં સારી કામગીરી બદલ જિનલબેન પરમારે બનાસકાંઠા જિલ્લા અને સમાજનું ગૌરવ વધાર્યું છે.

પાલનપુરમાં બીજેશ્વર કોલાની જતા ઉબડ ખાબડ રોડથી લોકોમાં રોષ

પાલનપુરમાં બીજેશ્વર કોલાની જતા મુખ્ય માર્ગના નવીનીકરણ માટે આ રોડ ને ખોદી નખાયા બાદ રોડ નું કામ શરૂ કરવામાં ન આવતા ઉબડ ખાબડ રોડ ને લઈ વાહન ચાલકો અને રાહદારીઓ મુશ્કેલી માં મુકાયા છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ ગણપતભાઈ કે. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે જોકે વરસાદ નજીક માં છે તેમ છતાં આ રોડ નું કામ શરૂ કરવામાં ન આવતા લોકોમાં રોષ ફેલાયો છે.બનાસકાંઠા જિલ્લા ના વડા મથક પાલનપુરમાં માથાના દુખાવા સમાન બિસ્માર રોડ રસ્તાની સમસ્યાને લઈ લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે જેમાં હાલ શહેરથી અંબાજી જતા માર્ગ પર બીજેશ્વર કોલની નો મુખ્ય માર્ગ ના નવિની કરણ માટે આ રોડ ને ખોદી નખાયા બાદ રોડ ની કામ શરૂ કરવામાં ન આવતા આ માર્ગે પર મોટા વાહનો ની અવર જવાર બંધ થવા પામી છે. અને નાના વાહનોને અવરજવર કરવામાં ભારે હડામારી વેઠવી પડી રહી છે જોકે વરસાદ પહેલા આ રોડ નું કામ પુરૂ કરવામાં નહિ આવે તો આ માર્ગે ની હાલત બદતર થાય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. ત્યારે આ બિસ્માર માર્ગ ને લઈ કોઈ નાના મોટા અકસ્માત સર્જાય તે પહેલાં રોડ નું કામ પૂર્ણ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

પાલનપુરના બેચરપુરામાં સોનાની ચેન તોડી ભાગતો કિશોર ઝડપાયો

પાલનપુર શહેરના બેચરપુરા વિસ્તારમાં એક મહિલા ગળામાંથી સોનાની ચેન તોડીને ભાગતા એક યુવકને સ્થાનિક લોકોએ ઝડપી લઈ પોલીસને જાણ કરી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ ગણપતભાઈ કે. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુર બેચરપુરા ફાટક નજીક એક મહિલાના ગળામાંથી સોનાની ચેન તોડી ભાગતો લબરમુછીયો ઝડપાયો હતો. સોનાની ચેન તોડી કિશોર ભાગ્યો ત્યારે મહિલાએ બૂમાબૂમ કરતા સ્થાનિકોએ પીછો કરી તેને ઝડપી લીધો હતો. દરમિયાન, કિશોર પાસેથી મહિલાની સોનાની ચેન પરત લીધી હતી. અને સ્થાનિકોએ કિશોરને મેથીપાક ચખાડી પોલીસને જાણ કરી હતી. આ સમગ્ર ઘટનાનો વિડિઓ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

નડિયાદમાં કરોડોનું ફૂલેકું ફેરવનાર સૂત્રધારને ઝડપી પાડતી બનાસકાંઠા પોલીસ

બનાસકાંઠા એલસીબી પોલીસ ને મોટી સફળતા હાથ લાગી છે. નડિયાદની માસ્ટર ડિજિટલ ટેકનોલોજી પ્રાઇવેટ લિમિટેડ કંપનીનો માલિક કરોડોનું ફૂલેકું ફેરવી પરિવાર સાથે ગુજરાત છોડી ભાગી રહ્યો હતો. જેને એલસીબી પોલીસે દબોચી લઈ વધુ તપાસ હાથ ધરી છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણાએ આપેલી વિગતો મુજબ, નડિયાદની માસ્ટર ડિજિટલ ટેકનોલોજી પ્રાઈવેટ લિમિટેડ કંપનીએ ડેટા એન્ટ્રીના નામે ૨૧ હજાર લોકો પાસેથી રૂ. ૧૫૦ કરોડની છેતરપિંડી આચરી હતી. નડિયાદની પ્રાઇવેટ લિમિટેડ કંપનીમાં અનેક લોકોએ કરોડો રૂપિયાનું રોકાણ કર્યું હતું. પરંતુ ત્રણ માસથી લોકોના પૈસા આવવાના બંધ થઈ જતા આખરે હોબાળો મચ્યો હતો. નડિયાદ માસ્ટર ડિજિટલ કંપનીએ બે વર્ષથી ડેટા એન્ટ્રીનો વ્યવસાય શરૂ કર્યો. જે મોબાઈલમાં પણ માસ્ટર ડિજિટલ એપ્લિકેશન બનાવાઈ હતી. જે વ્યક્તિ ને ડેટા એન્ટ્રીનું કામ કરવું હોય તે વ્યક્તિએ રૂપિયા ૨૫ થી ૯૦ હજાર ભરી એટલે એવા લોકોને જુદા જુદા પ્રકારનું કામ આપવામાં આવતું હતું. જે વ્યક્તિ વધારે રૂપિયા આપે તેને વધારે વળતરની લાલચ આપવામાં આવતી હતી. શરૂ-શરૂમાં સારું વળતર મળતું હોઈ લોકોએ લાખો રૂપિયાનું આ કંપની માં રોકાણ કર્યું હતું. પરંતુ છેલ્લા ત્રણ માસથી લોકોના પૈસા આવવાના બંધ થઈ જતા આખરે રોકાણકારોએ હોબાળો મચાવ્યો હતો. જ્યારે કંપનીનો માલિક અને તેની પત્ની બંને ફરાર થઈ ગયા હતા. જોકે બાતમીને આધારે એલસીબી પોલીસે ધાનેરા બોર્ડર પર ખાનગી હોટલ પાસેથી બસમાં બેસી રાજસ્થાન જતા કંપનીના માલિક રાહુલ નારણભાઈ વાઘેલા અને તેની પત્ની ગૌરીબેન વાઘેલા રહે.નડિયાદને ઝડપી લીધા હતા. આમ, કરોડોનું ફૂલેકું ફેરવી ભાગવા જતા માલિક દંપતિ બનાસકાંઠા પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા.

કૃષિ વિભાગ સામે ગંભીર આરોપ લાગવાની તૈયારીમાંઃ પ્રધાનમંત્રી કાર્યાલયમાં ફરીયાદ પહોંચી

વડાલી ૪ જીનીંગ યુનીટમાંથી શંકાસ્પદ કપાસના બિયારણનો જથ્થો ઝડપાયા પછી રીપોર્ટમાં અખાડા થતાં આશંકા

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૯

સાબરકાંઠાના વડાલીમાં આવેલી ૪ જીનીંગ અને પ્રોસેસિંગ યુનીટમાંથી ૧૮ હજાર કિલોગ્રામ શંકાસ્પદ કપાસના બિયારણનો જથ્થો મળ્યા પછી રીપોર્ટ આવવામાં રીતસરના અખાડા શરૂ થતાં કૃષિ વિભાગ સામે ગંભીર આરોપ લાગવાની તૈયારીમાં છે. સચિવાલયમાં કૃષિ વિભાગના એક અધિકારીની ઈશારે રીપોર્ટમાં વિલંબ થયાની લોકચર્ચાએ જોર પકડ્યું છે. રોષે ભરાયેલા કેટલાંક ખેડુતોએ બિયારણ ઉત્પાદન કરતા એકમોને ભ્રષ્ટ્ર તંત્ર છાવરતું હોવાથી પ્રધાનમંત્રી કાર્યાલયમાં ફરીયાદ કરવામાં આવી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ભારત અને ગુજરાતમાં ખેતી ઉપર અનેક પરીવારો નભે છે. સાબરકાંઠા જિલ્લામાં ખેતી અને પશુપાલનનો વ્યવસાય ન હોય તો અનેક પરીવારો ગરીબી રેખા હેઠળ ધકેલાઈ જાય તેવી સ્થિતિ છે. ત્યારે જિલ્લાના કેટલાંક બિયારણનું ઉત્પાદન કરતા અમીચંદોએ ગાંધીનગરથી માંડી અધિકારીઓ સુધી લાઈન કરી છેલ્લાં ૪-૫ વર્ષથી શંકાસ્પદ કપાસના બિયારણનું ઉત્પાદન કરી મધ્યપ્રદેશ તેમજ રાજ્યના અનેક વિસ્તારોમાં કોથળાઓમાંથી કોથળીઓ ભરી વેપલો કરી રહ્યા છે. કપાસ પકવતાં અનેક ખેડુતો બિયારણ નિષ્ફળ ગયું, ઓછો પાક ઉતારો જેવી ફરીયાદ કરતા હોય છે પરંતુ ભ્રષ્ટ અધિકારીઓની જીનીંગ એકમો સાથે મીલીભગત હોવાથી કોઈ યોગ્ય તપાસ થતી નથી અને હવે સ્થિતિ એ છે કે એક પછી એક વડાલી પંથકમાંથી અત્યાર સુધીમાં ૬ થી ૭ કરોડ રૂપિયાની કિંમતનું શંકાસ્પદ બિયારણ મળી આવ્યા પછી ભ્રષ્ટ અધિકારીઓ અને ટોળકી વધુ નજીક આવ્યાની ગરમાગરમ લોકચર્ચા છે. જ્યારે ખેડુતોના હિતની વાત હોય ત્યારે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ એ કોઈની પણ શરમમાં આવ્યા વગર તુરંત પગલાં ભર્યા છે. પરંતુ ગત તા.૧૦ના રોજ વડાલીની ૪ જીનીંગમાંથી શંકાસ્પદ બિયારણનો જથ્થો ઝડપાયા પછી સરકારી કૃષિ લેબમાં પરિક્ષણ માટે મોકલાયાના ૨૦ દિવસ પછી પણ રીપોર્ટ ન આવતાં શું ખેડુતોને પાયમાલ કરવા માટે રીપોર્ટમાં વિલંબ થઈ રહ્યો છે ? તેવા લોક આક્ષેપ શરૂ થયા છે. કેટલાંક ખેડુતોના આ અંગે આજે રાજ્યના કૃષિમંત્રી તેમજ મુખ્યમંત્રી કાર્યાલયમાં ખોળંગાતી તપાસ અંગે રજુઆત કરે તેવી જાણકારી મળી છે.

ઈન્કમ ટેક્ષ વિભાગ દ્વારા સંપત્તિની તપાસ થાય તેવી ખેડુતોની માંગ

સાબરકાંઠા જિલ્લામાં એક પછી એક શંકાસ્પદ કપાસના બિયારણનો કરોડોની કિંમતનો જથ્થો ઝડપાઈ રહ્યો છે. ત્યારે કરોડોની કિંમતનો જથ્થો ઝડપાયો હોય તો આવી માતબર રકમ ઉત્પાદન કરતા હોય હિસાબોના ચોપડા ઉપર દર્શાવી છે કે કેમ ? અને ન દર્શાવી હોય તો તેમની મિલકતોની ચકાસણી કરવામાં આવે તો મોટાપાયે કરચોરી સામે આવવાની શક્યતા નકારી ન શકાય.

આજે ઉમેદવારોના ભાવીનો ફેસલો ચુંટણી પરિણામ

પ્રાંતિજ ખાતે ધી પ્રાંતિજ ગ્રુપ મલ્ટીપર્પઝ કો-ઓપરેટીવ સોસાયટીની ચુંટણી યોજાઈ

પ્રાંતિજ તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ધી પ્રાંતિજ ગ્રુપ મલ્ટી પર્પઝ કોઓપરેટીવ સોસાયટીના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની ચુંટણી યોજાઈ હતી જેમા ૨૧ ઉમેદવારોના ભાવી મત પેટી મા શીલ થયા હતા. પ્રાંતિજ ખાતે કાર્યરત ધી પ્રાંતિજ ગ્રુપ મલ્ટી પર્પઝ સોસાયટી ની ચુંટણી યોજાઈ હતી જેમા વર્તમાન બોડીના ચેરમેન, વાઇસ ચેરમેન તેમજ ડીરેકટરર્સોએ વિકાસ પેનલ બનાવીને ફરીથી ચુંટણી જગમાં ઝપલાવ્યા છે ત્યારે સામે પરિવર્તન પેનલ ની રચના કરીને સભ્ય ઉમેદવારોએ ચુંટણી માટે ઉમેદવારી નોધાવી હતી જેમા સોસાયટીમા કુલ-૬૪૬ સભાસદો માંથી સમાંતરે ૧૫૦ સભાસદો મૃત્યુ પામ્યા છે અને ૪૯૬ મતદારો સભ્યો મતદાન કર્યુ હતુ જયારે ૨૧ ઉમેદવારોએ ચુંટણી મા ઉમેદવારી નોંધાવેલ છે જે પૈકી ૧૨ ઉમેદવારોની પસંદગી મતદાતાઓ દ્વારા કરવામા આવશે તો ચુંટણી શાન્તી પૂર્ણ માહોલ મા યોજાઈ હતી જયારે આજે ૩૦ મે ના રોજ મતગણતરી બાદ વિજેતા ઉમેદવારો જાહેર થશે ત્યારે ચુંટણી ની સમગ્ર પ્રકિયા ચુંટણી અધિકારી તરીકે ભાઈલાલ ભાઈ જે પટેલ ના દેખરેખ હેઠળ શાંતિ પૂર્ણ માહોલ મા યોજાઈ.

જિલ્લા કલેક્ટર સંવેદના દાખવી કાર્યવાહી કરે

હિંમતનગરની વિધવા મહિલાનું ફાઈનાન્સરે ઘર પચાવી પાડવુંઃ લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ કરી પરંતુ ૯ મહિનાથી અદ્ધરતાલ

હિંમતનગર, તા.૨૯

હિંમતનગરના મહાવીર નગર વિસ્તારમાં રહેતા ૭૦ વર્ષના વિધવા મહિલાનું ફાઈનાન્સરે ઘર પચાવી પાડતાં જિલ્લા કલેક્ટર સમકા લેન્ડ બિંગ એક્ટ હેઠળ લેખિત ફરિયાદ આપ્યાના ૯ મહિના પછી પણ કોઈ પગલાં ન ભરાતાં મહિલા મુખ્ય મંત્રી કાર્યાલયમાં ફરિયાદ કરવાનો નિર્ણય લીધો છે. તાજેતરમાં જ હિંમતનગરના એક ઈસમે ફાઈનાન્સરોના ત્રાસથી આત્મહત્યા કરી લીધી હતી તેને જ વિધવા મહિલાનું ઘર પચાવી પાડવાનું જાણવા મળ્યું છે.

આ અંગે પ્રાપ્ત જાણકારી અનુસાર કમળાબેન મીઠાભાઈ પ્રજાપતિએ અરવલ્લી કલેક્ટરને તા.૯ ઓગષ્ટ-૨૦૨૧ ના રોજ લેખિત ફરિયાદ કરી છે કે હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં ૪, ખોડીયાર સોસાયટીમાં મકાન આવેલું છે. વર્ષ-૨૦૧૮માં બાયપાસનું ઓપરેશન કરાવવાનું હોવાથી મકાન બંધ કરીને તેઓ તેમના દિકરા પાસે અમદાવાદ ગયા હતા. જે સમય દરમ્યાન ભરતભાઈ વિજુભાઈ બારોટ(ભાટ) (રહે.આરોગ્યનગર, ભાટવાસ, તા.હિંમતનગર)એ આ મકાનનાં કબજો પોતાનું હોવાનું લખી દીધેલું અને તેની જાણકારી મળતાં સ્થળ ઉપર જઈને તપાસ કરી તો તેઓએ રાકેશભાઈ સોની નામના વ્યક્તિને જાણ બહાર મકાન ભાડે આપી દીધું હતું. જેથી વિધવા મહિલા અને પરિવારજનો દ્વારા અરવલ્લી કલેક્ટરને આ અંગે લેખિત ફરિયાદ કરી ભરતભાઈ વિજુભાઈ બારોટ(ભાટ) વિરુદ્ધ ધી ગુજરાત લેન્ડ ગ્રબિંગ(પ્રોહીબીશન) એક્ટ-૨૦૨૨ મુજબ મકાનનાં ધાકધમકી આપી બળજબરી તેમજ છેતરપંડી આચરીને ગેરકાયદેસર કબજો કરવા અંગે ફરિયાદ નોંધવા સોંગદનામા સાથે ફરિયાદ આપેલ છે પરંતુ લેખિત ફરિયાદ આપ્યાના ૯ મહિના પછી પણ જિલ્લા કલેક્ટર દ્વારા કોઈ કાર્યવાહી થઈ નથી. શહેરમાં છેલ્લા કેટલાય સમયથી વ્યાજંકવાદીઓના આતંકથી અનેક લોકો આત્મહત્યા કરી રહ્યા છે. ત્યારે વિધવા મહિલાને ન્યાયમાં વિલંબ થશે તો કંઈક અજુગતું થવાની પણ દહેશત પરિવારજનોએ સેવી છે.

તાલુકા-શહેર મંડલની બેઠકમાં હૈયાવરાળ ઠાલવી

બાયડ ભાજપમાં કોંગ્રેસમાંથી આવેલા આગેવાને પૂર્વ ધારાસભ્ય ઉપર નિશાન તાક્યું

અમારી કોઈ કિંમત નથી, આમંત્રણ ન હોય તેવા બેઠકમાં હાજરી આપે

હિંમતનગર, તા.૨૯

શુક્રવારે બાયડ તાલુકાના વાણા આશ્રમમાં બાયડ તાલુકા તેમજ શહેર ભાજપ સંગઠનની કારોબારી બેઠક જિલ્લા સંગઠન પ્રભારીની । ઉપસ્થિતિમાં યોજાઈ ગઈ જેમાં આગામી વિધાનસભા ચૂંટણીમાં બુથ લેવલે ઉત્કૃષ્ટ કામગીરી કરવા માટે જરુરી લેશન આપવામાં આવ્યું હતું

ત્યારે કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા આગેવાને પૂર્વ ધારાસભ્ય ઉપર આડકતરુ નિશાન તાકી અમે હવે ભાજપને વરેલા છીએ છતાં અમારી કોઈ કિંમત નથી. જ્યારે છેલ્લા કેટલાક દિવસથી અરવલ્લી અને બાયડ તાલુકામાં ભાજપ સંગઠનના જે કાર્યક્રમો થઈ રહ્યા છે તેમાં આમંત્રણ ન હોય તેવા બેઠકમાં અને સ્ટેજ ઉપર હાજર થઈ જાય છે તે સામે સપ્ત નારાજગી વ્યક્ત કરી હતી. જેની સંગઠન સ્તરે નોંધ લેવાયાનું જાણવા મળ્યું છે.

- પ્રાપ્ત જાણકારી અનુસાર આગામી વર્ષના અંતમાં ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાવવાની છે. ભાજપ તમામ ૧૮૨ બેઠકો અંકે કરવા માટે નિશ્ચય કરી લીધો છે. અરવલ્લી જિલ્લામાં એક પછી એક કોંગ્રેસના ગઢમાં ગાબડાં પડી રહ્યાં છે અને ભાજપ વધુ મજબૂત થઈ રહ્યું છે. જિલ્લા ભાજપ સંગઠન પ્રભારી જયશ્રીબેન દેસાઈની અધ્યક્ષતામાં તા.૨૭ મે ના રોજ બાયડના વારંણા આશ્રમમાં તાલુકા, શહેર ભાજપ સંગઠન, ચૂંટાયેલી પાંખ, જિલ્લા સંગઠનના અપેક્ષિત હોદ્દેદારોની હાજરીમાં બેઠક યોજવામાં આવી જેમાં સભ્ય નોંધણી ઝુંબેશ સહિત સંગઠનમાં સક્રીય રહેતા ન હોય તેવા હોદ્દેદારોના ખુલાસો માંગવાની સૂચના આપવામાં આવી હતીઆ સમયે ઉપસ્થિત કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા એડવોકેટ અદેસિંહ એમ. ચૈહાણે પોતાની હૈયાવરાળ ઠાલવતાં જણાવ્યું કે અમે

છેલ્લા ૪ વર્ષથી ભાજપમાં શિસ્તબદ્ધ કાર્યકર તરીકે કામગીરી કરી રહ્યા છીએ, મારી બીજી કોઈ અપેક્ષા નથી પરંતુ અમારી કોઈ કિંમત ન હોય તેવું હું અનુભવી રહ્યો છું. જ્યારે અન્ય કાર્યકરો માત્ર પ્રદેશમાંથી આગેવાનો હાજર રહેવાના હોય ત્યારે જ દેખાય છે અને તેમને સ્ટેજ ઉપર બેસાડવામાં આવે છે. ભાજપમાં આવેલા કાર્યકરની હૈયાવરાળને સમજવાનો કેટલો પ્રયાસ થયો..?? કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા કાર્યકરની વ્યથામાં દમ હોવાનું ભાજપના પાયાના કાર્યકરો પણ સ્વીકારતા થયા છે. જ્યારે એક પૂર્વ ધારાસભ્ય સામે આ નિશાન તકીયાની ગરમાગરમ લોકચર્ચાઓ બે દિવસથી ચાલી છે.

કોંગ્રેસની કોઠીમાં ભરેલું અનાજ પૂરું થયું... કોંગ્રેસ ઉંઘતી રહી...

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....???

બાયડ તા.૨૯

આપણી સંસ્કૃતિ 'કર્મ' માં માનવાવાળી છે... જેવા આપણા પૂર્વ જન્મના અને આ જન્મના કર્મ એવું ફળ આપણને પ્રાપ્ત થાય!! ગામડાઓમાં આજેય અનાજ ભરવાની કોઠી જોવા મળે છે....કોઠીમાં ઉપરથી અનાજ ભરાય અને નીચે તળિયે તેનો ધર હોય તેમાંથી જરૂર પડ્યે અનાજ કાઢી શકાય... કોઠીમાં ઘઉં ભરીયે તો ઘઉં નીકળે, બાજરી ભરીયે તો બાજરી, કોદરા ભરેલા હોય તો કોદરા...પણ ઘઉં ભર્યા પછી તેની ઉપર પથરા ભરીયે તો ઘઉં ખતમ થાય એટલે પથરા નીકળે!! 'જેવું વાવેતર કરીયે તેવું લણીયે એ કુદરતનો સિદ્ધાંત છે...'

આઝાદી મેળવવાની ચળવળમાં ત્યારના કોંગ્રેસી નેતાઓએ ખૂબ નિઃસ્વાર્થ ભાવે રાષ્ટ્ર માટે કામ કર્યું તેનું ફળ તેમને વારસામાં લગભગ ૫૦ વર્ષ સુધી કોંગ્રેસને મળ્યું!! 'આઝાદી પછી કોંગ્રેસની નેતાગીરી તેમના કર્મોની કોઠીમાં ઘઉં ને બદલે પથરા ભરવા લાગી.... ભ્રષ્ટાચાર, જાતિવાદ, કાયદામાં અસમાનતા આવા પથરાઓ કોઠીમાં ભરતા રહ્યા...' ભારતની લોકસભા કે રાજ્યોની વિધાનસભામાં તેઓ જીતતા રહ્યા, તો કોંગ્રેસીઓને એમ લાગ્યું કે આપણી કોઠીમાથી પથ્થર ભરવા છતાં પણ ઘઉં જ નીકળે છે !! તો શું કામ ઘઉં ભરવાની મહેનત કરીયે...પણ, કોંગ્રેસીઓ ભૂલી ગયા હતા કે આ પરિણામ ગાંધીજી, સરદાર, શાસ્ત્રીજી જેવા અનેક કોંગ્રેસી મહાપુરુષોએ કોંગ્રેસની કોઠીમાં અગાઉ ઘઉં ભરેલા છે તે અત્યારે નીચેના ધરમાંથી નીકળી રહ્યા છે!! સમય જતાં નિષ્ઠાવાન, પ્રામાણિક કોંગ્રેસીઓ ભગવાનના ધામમાં પહોંચી ગયા અને હવે કોઠીમાં ઘઉં ખતમ પણ થઈ ગયા!! 'છેલ્લા પચાસ વર્ષમાં કોંગ્રેસના આગેવાનોએ કોઠીમાં પથરા ને કાંકરા જ ભર્યા છે,એટલે હવે પથરા નીકળવાના ચાલુ થયા...' પરિણામ આપણા સૌની સમક્ષ છે...

હજુયે કોઠીમાંથી થોડાક ઘઉં નીકળે છે પણ કાંકરા પથરાવાળા નીકળી રહ્યા છે એટલે બે ચાર રાજ્યોમાં છૂટી છવાઈ કોંગ્રેસ દેખાઈ રહી છે... દા.ત. મહારાષ્ટ્રની હાલની સરકાર !! 'પરંતુ હવે કોંગ્રેસ તેના કર્મોએ મરવાની છે કારણકે તેમની કોઠીમાં નવા ઘઉં ભરવાના ક્યારનાય બંધ થઈ ગયા છે, દરરોજ કાંકરા-પથરા ભરાતા રહ્યા છે એટલે આવનાર વર્ષોમાં તેમની કોઠીમાંથી નર્યા કાંકરા જ નીકળશે!!' જ્યારે ભાજપની વાત તેનાથી વિપરીત છે....ભાજપના શરૂઆતના દોરથી બાજપેયીજી, અડવાનીજી, મુરલી મનોહરજી, પ્રમોદ મહાજન, યશવંતસિંહા જેવા અનેક નેતાઓએ પોતાની શક્તિ અને ભક્તિ પ્રમાણે ભાજપની કોઠીમાં ઘઉં જ ભર્યા અને હવે મોદીજી અને તેમની ટિમ આધુનિક રાજકીય ખેતી કરીને દરરોજ ખોબે ખોબા ભરીને કોઠીમાં ઘઉં ભરી રહી છે... તો ભાજપની કોઠી ઘઉં ના કાઢે તો બીજું શું કાઢે?

કોંગ્રેસ તેની કોઠી બદલશે તો પણ નહીં ફેર પડે...જ્યારથી તે કાંકરા પથરાને બદલે કોઠીમાં અનાજ ભરવાનું ચાલુ કરશે ત્યાર પછી બે દાયકા વિતાવ્યા પછી કોઠીમાંથી ઘઉં નીકળે!!! 'હજુ તો કોંગ્રેસની કોઠી કાંકરા પથરાથી છલકાઈ રહી છે!!' હું ખેડૂત પુત્ર છું એટલે ખેડૂતની ભાષામાં વાત કરી...શુ કોંગ્રેસની ચિંતન શિબિરમાં આવું ચિંતન થયું હશે?

બાયડ કોર્ટ ચેક પરત ફરવાના કેસમાં આરોપીને ૧ વર્ષની સાદી કેદનો હૂકમ કર્યો

ચેકની રકમ રુ ૨ લાખ વળતર તરીકે ચૂકવવા પણ આદેશ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૯

- બાયડ કોર્ટે ચેક પરત ફરવાના કેસમાં ચોઈલા ગામના આરોપીને ૧ વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવાની સાથે ચેકની રકમ રુ ૨ લાખ વળતર તરીકે ચૂકવી આપવાનો હુકમ કર્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ ગામના કસ્બામાં રહેતા મહંમદ કરમીમીયાં મિરઝાએ ચોઈલાના ખેડૂત અશોકભાઈ મૂળજીભાઈ પટેલને પૈસાની જરુરીયાત હોવાથી રુ ૨ લાખ આપ્યા હતા અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા-બાયડ શાખાનો ચેક આપ્યો હતો પરંતુ અપૂરતા ભંડોળના કારણે ચેક પરત ફર્યો અને પૈસા પરત ન આવતાં ફરિયાદીએ એડવોકેટ શૈર્ય આર. પટેલ મારફતે બાયડ કોર્ટમાં ચેક પરત ફરવાનો કેસ દાખલ કર્યો હતો જે કેસ બાયડના એડીશનલ જ્યુડીશીયલ ચીફ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ચાલી જતાં ચેક પરત ફરવાના કેસમાં આરોપી અશોકભાઈ પટેલને તકસીરવાન ઠરાવી ૧ વર્ષની સાદી કેદની સજા તેમજ ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૩૫૭ અન્વયે ફરિયાદીને ચેકની રકમ ૪ ૨ લાખ વળતર તરીકે ચૂકવી આપવાનો હૂકમ કર્યો છે અને રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય તો વધુ ૩ માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો છે.

સાબરકાંઠા-અરવલ્લીમાં ૨૮૦૦ જોખમી મકાનો દુર્ઘટના સર્જે તેવો ભય : તંત્ર ઉવાચ અમારી પાસે વિગત નથી

નમી પડેલાં વૃક્ષો અને ભયજનક મકાનો કોઈનો ભોગ લેશે

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૯

ચોમાસામાં ભારે વરસાદના કારણે નબળાં મકાનો ધરાશાયી થઈ જાય છે અને ક્યારેક મોટી હોનારત સર્જાય છે. જિલ્લામાં પ્રિ-મોન્સૂન પ્લાનની અમલવારી કરવા તમામ તાલુકાના અધિકારીઓને સૂચનાઓ અપાઈ છે. જિલ્લામાં ચોમાસુ બારણે ટકોરા મારી રહ્યું છે અને વાવાઝોડાની શરૂઆત થઈ શકે છે ત્યારે ૨૮૦૦થી પણ વધુ જોખમી મકાનો દુર્ઘટના સર્જે તેવો ભય હોવા છતાં તેમને દૂર કરવામાં અને નમી પડેલા વૃક્ષોનો નિકાલ કરવાનો તંત્ર ઉદાસીન રહેતાં ચોમાસા દરમ્યાન વહીવટી તંત્રની બેદરકારીના કારણે મોટા હાદસા સર્જાય તેવો ભય ઉભો થયો છે. જિલ્લા ડીઝાસ્ટર વિભાગ પાસે જોખમી મકાનો અને ભયજનક વૃક્ષો અંગેની કોઈ વિગતો ન હોવાનું જાણવા મળ્યું છે.

જિલ્લામાં આકરા ઉનાળામાં ગ્રામ્ય વિસ્તારોમાં પાણી પાણીના પોકારો છતાં સરકારી વિભાગના તમામ અધિકારીઓની ઉપસ્થિતિમાં ચોમાસાની પૂર્વ તૈયારીનો એક્શન પ્લાન ઘડી કાઢી કામગીરી શરૂ કરવા સૂચનાઓ અપાઈ હતી જો કે તંત્રની નઘરોળતાના કારણે ચોમાસુ નજીક છતાં એક્શન પ્લાન કાગળ સુધી સિમિત બની રહ્યો છે. જિલ્લાના ૧૬૦૦ ગામડાઓ અને ૮ શહેરી વિસ્તારોમાં નરી આંખે દેખાય તેવા જોખમી મકાનો તેમજ નમી પડેલા ભયજનક વૃક્ષો નજરે ચડી રહ્યા છે છતાં તંત્રના આદેશનું તાલુકાના અધિકારીઓ ઉપર કોઈ પ્રભુત્વ ન હોય તેમ પ્રિ-મોન્સૂન પ્લાનનો અમલ લગભગ કાગળ ઉપર જ થયો હોય તેવું દેખાઈ રહ્યું છે. જિલ્લામાં ભયજનક હોર્ડીંગ્સ પણ હટાવાયાં નથી જ્યારે અત્યંત ભયજનક હાલતમાં ઉભાં રહેલાં મકાનો આ વખતે ધોધમાર વરસાદના કારણે ધરાશાયી થવાનો ભય રહેલો છે છતાં તંત્રને કોઈ પરિવારને ઘરબાર વિહોણું બનાવવું ન હોય તેમ ભયજનક મકાનો જમીન દોસ્ત કરવાની કામગીરી હાથ ધરાઈ નથી. જો કે આવી સંવેદના જરૂરી છે પરંતુ વધારે પડતી સંવેદના દાખવવાથી મોટી જાનહાની થવાનો ભય પણ જડુંબી રહ્યો છે.

ટચુકડી

જાહેર ખબર

દર રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧,

ફેક્સ : ૨૩૨૩૦૫૭૧